# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૩ • તા.૦૪ ફેબ્રુઆરી થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# સાંચરા ગામવાસીઓનું ૨૫મું રજત જયંતિ સ્નેહમિલન અદ્ભૂત સફળતાથી સંપન્ન થયું








insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA

## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી


# મધુર અને કઠોર વાણીની અસર

જૈન ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કર્મથી જાણતા કે અજાણતા કોઈને દુ:ખ પહોંચે એવું કરવું નહીં. જીભથી રોજે રોજ સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા થતી હોય છે. એટલે શાબ્દિક હિંસાને રોકવી જોઈએ. માણસે વાણી પર એટલે કે જીભ પર અંકુશ રાખવો જોઈએ. એવો જ પ્રતિબંધ વિચારો પર પણ રાખવો જોઈએ. કારણ કે વિચાર પ્રેરે છે વાણીને બહાર પ્રગટવાનું. એટલે વિચારો પર લગામ એટલે વાણી પર આપોઆપ લગામ આવી જવાની. એવી જ રીતે સ્વભાવને પણ પોતાના કાબુમાં રાખવો જોઈએ. કોઈની ઉપર ગુસ્સો આવે. રોષ ઊભો થાય ત્યારે માણસ મૌન ધારણ કરે તો ઘણી શાંતિ અને સમતા, સ્થિરતા મળે છે. મૌનથી મન શાંત થઈ જશે. તનાવ ઓછો થઈ જશે. ક્રોધ ઉપર કન્ટ્રોલ લાગી જશે. કોઈ આપણી સામે ગમે તેવું બોલે પણ આપણે જો એ મનમાં ન ધરીએ તો સામી વ્યક્તિનું આ વાણી શસ્ત્ર બુઠું થઈ જશે.

પ્રેમ અને સ્નેહ પ્રસારમાં ભાષા કરતા મૌનનું માધ્યમ વધુ અસરકારક અને અર્થપૂર્ણ છે. કારણ કે, તેમાં શબ્દો કરતાં ભાવનું મહત્વ વધુ છે. માણસ જ્યારે મૌન રહે છે ત્યારે તેની આંખો અને ચહેરા પર વધુ ગહન ભાવ રહે છે. આ ભાવ હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલા હોય છે. બોલવા કરતાં ચૂપ રહેવું વધુ મુશ્કેલ છે. તેમાંય ઉશ્કેરણી વચ્ચે મૌન જાળવવું એ ખરી કસોટી છે. ઉગ્રતા વચ્ચે શાંતિ જાળવવા જેવી આ વાત છે. એમાં જ ખરી કસોટી થાય છે. આ ચૂપ રહેવાની કલા જેને આવડી જાય તેને માટે મૌન અદ્દભૂત તાકાત બની જાય. જેનું મૌન મક્કમ અને મજબૂત છે તેની સામે શબ્દો રૂપી શસ્ત્રો હેઠા પડે છે. આપણી ટીકા અને નિંદા કરનારાઓનો મુખ્ય ઉદ્દેશ આપણને દુ:ખી કરવાનો અને વ્યથિત કરવાનો હોય છે. પંરતુ આપણે પ્રતિભાવ ન આપીએ તો આપણી સામે વાણી વિલાસ, વાણી પ્રહાર કરનારના હથિયાર બુઠાં બની જાય છે.

કેટલાક જણ સમય, સંજોગો અને સ્થળનો વિચાર કર્યા વગર ગમે ત્યારે ગમે તેવું બોલી નાખે છે. કટુવાણી માણસને વીંધી નાખે છે. આ કાતિલ ધારવાળા શબ્દોના ઘાવ ઝટ રૂઝાતા નથી. વાણીના વચનોમાં એટલી તાકાત છે કે એ સંબંધોને જોડે છે અને તોડે પણ છે. અન્ય સાથેના વહેવારમાં વાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. સામી વ્યક્તિનું દિલ ઘવાય, તેની અવહેલના થાય કે તેના સ્વમાનને ઊંડો ધક્કો પહોંચે એવા શબ્દોના તાતા તીર છોડવા ન જોઈએ. મીઠા વેણ સહુ કોઈને ગમે છે. પણ અપમાનજનક કટુ વેણ કોઈને પસંદ ન પડે એ દેખીતું છે. મધુરવાણી એક વશીકરણ મંત્ર જેવી છે. જેનાથી સૌ મોહિત થઈ જાય છે જ્યારે કટુ વચનો કટંક જેવા છે જેની પીડા ન ભૂલાય એવી હોય છે.

– જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# રાગ અને દ્વેષ

સુખ, સંતોષ અને આનંદનો દુશ્મન દ્વેષ છે. કોઈની સાથે વેરભાવ રાખવો, કોઈની ઈર્ષા કરવી, શત્રુવટ રાખવી, એ પાપનું બંધન બાંધવાનું કર્મ છે. દ્વેષ જેટલો ઘૂંટાશે એટલા નાહકના બદલા ચૂકવવા પડશે. એવું સંતો મહાત્માઓ કહે છે. ઓળખીતા કે અજાણ્યા વ્યક્તિઓ ઉપર આપણને દ્વેષ છૂટે એ પૂર્વ ભવની આપણી ખોટી લેણ દેણ છે. દ્વેષ કરનારનું સ્તર ઉતરોતર કથળ્યા કરે છે. માટે જાગૃતિ વરતાવી રાગ-દ્વેષ, વેરભાવ, શત્રુવટ પર નિયંત્રણ રાખવુ એ મહાધર્મ છે.

ધર્મ સ્થાનો કે ધાર્મિક ક્રિયાઓ દરમ્યાન દ્વેષ ભાવ જરીએ ન રાખવો. મન ગમે તેટલો છળપછડાટ કરે, બેબાકળું થાય પણ અંકુશ રાખવો, ધૈર્ય રાખવું. એ મહાન સાધના છે. રાગ અને દ્વેષ સંબંધ એ એક મોટો ભેદ એ છે કે રાગ મનુષ્યો તેમજ વસ્તુઓ પ્રત્યે થાય છે. જ્યારે દ્વેષ માત્ર મનુષ્યો પ્રત્યે જ થાય છે. દ્વેષનું મૂળ અજ્ઞાનતા છે. જે વસ્તુઓ આપણા હકની નથી તેને આપણી માની લીધી. તેનો કોઈ કબજો કરી લે, આપણાથી છીનવી લે તો તેના પર ક્રોધ પ્રગટે. મનુષ્યને ક્રોધ આવે એટલે એનામાં અભિમાન જાગે છે અને તે દ્વેષ રૂપે પ્રગટ થાય છે. હું બધાથી મોટો છું ની ભાવના પ્રગટ થવી એ અભિમાન, ગુમાનની નિશાની છે. જેને લીધે બીજાઓને હલકા ગણે છે. બીજાઓ પ્રત્યે તિરસ્કારની દ્રષ્ટિથી જુએ છે. જે તિરસ્કાર અંતે વૃદ્ધિ પામી દ્વેષમાં રૂપાંતર પામે છે.

દ્વેષ આમ તો નાની બાબતથી જન્મે છે. પહેલાં બે વ્યક્તિઓ વચ્ચે અણબનાવ, અટંસ કે મતભેદ થાય. જે સમય જતાં વૃદ્ધિ પામી જડ થઈ જાય છે. કઠણ કે સખત થઈ જાય છે. જેથી લાંબા સમય પછી તેને કાઢવું કઠણ થઈ પડે છે. માટે દરેક અવગુણો પ્રવેશે એ પહેલાં તેને બહાર જ રોકી રાખો. કારણ કે અંદર જતાં તેના જડમૂળ ફેલાઈ જઈ આત્માને લપેટી લેશે. જેને લીધે આપણો વિકાસ, સદ્ભાગ્ય, રિદ્ધિ સિદ્ધિ, સુખ સમૃદ્ધિને શાંતિ મંદ પડશે. તેના ગુણોને કાર્યોની અસર અંદરો અંદર લુપ્ત થતી જશે અને આત્માનો વિનાશ કરશે. માટે કષાયોની ઓળખ માટે સતત સજાગ, સાવધ રહી, દ્વેષ નામના પાતકથી સદૈવ બચો. ગુણાનુરાગી આત્માના જગમાં કીર્તિ ફેલાય છે. કારણ કે આ ઉત્તમ વ્યક્તિઓ લોકોમાં પોતાના ગુણોને કારણ પ્રિય, બને છે ને જન્મજન્માંતરમાં ઉત્તમ કુળ પ્રાપ્ત કરીને પોતાનો આત્મોત્થાન કરી શકે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| HOME LOAN | CAR LOAN | eAUTO LOAN |
|---|---|---|
| *7.49% (p.a.) | *7.49% (p.a.) | *7.49% (p.a.) |

| GOLD LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY | TRADE LOAN |
|---|---|---|---|
| *7.70% (p.a.) | *7.75% (p.a.) | *7.75% (p.a.) | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# સાંચરા ગામવાસીઓનું ૨૫મું રજત જયંતિ સ્નેહમિલન અદ્‌ભૂત સફળતાથી સંપન્ન થયું



કચ્છના અબડાસા તાલુકાના સાંયરા ગામનું ૨૫મું રજત જયંતિ સ્નેહમિલન સમારોહ રવિવાર, તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના ફ્રેન્ડસ કોલેજ મુલુંડ ખાતે સાંજે ૪.૦૦ વાગ્યાથી યોજાયેલ. જેમાં બહોળી સંખ્યામાં સાંયરાવાસીઓએ ઊમળકાભેર ભાગ લીધો હતો.





પ્રથમ હાજરી આપતા જ રજીસ્ટ્રેશન, સાંયરા તીર્થ આદેશ્વરદાદાના દેરાસરજી નિભાવ ખર્ચ માટે યથાયોગ્ય સાધારણ ખાતામાં યોગદાન લક્કી ડ્રી માટેની કુપન અને આવનારા મહેમાનો માટે અલ્પાહારમાં મિસળ પાઉં તેમજ ચા કોફીની સરભરા હતી. ત્યારબાદ મંચ પરથી કોકીલકંઠી રાજુલ પટેલ તેમજ ઉત્તમભાઈ મોમાયા તરફથી હાજર રહેલ. સૌ સાંયરાવાસીઓને તેમનું સ્થાન ઓડિયન્સમાં ગ્રહણ કરવા અને સર્વ સાંયરા મહાજનના હાજર રહેલ ટ્રસ્ટીઓને મંચ પર પધારવા અને દીપ પ્રાગટ્ય કરીને આસન ગ્રહણ કરીને સભાનું શરૂઆત કરવાની આમંત્રણ આપવામાં આવ્યું હતું.



હાજર રહેલ ટ્રસ્ટી શ્રી મધુકરભાઈ શાહ, શ્રી તરૂણભાઈ લોડાયા, શ્રી શાંતિલાલભાઈ લોડાયા, શ્રી હરીશભાઈ ઝવેરચંદ





# સાંયરા ગામવાસીઓનું ૨૫મું રજત જયંતિ સ્નેહમિલન

લોડાયા, શ્રી ચંદ્રકાંતભાઈ ખોના, શ્રી જયેશભાઈ મોમાયા, ટ્રસ્ટી તથા સાંયરા વિકાસ મંડળના પ્રમુખ શ્રી ભદ્રેશ પટેલ અને ઉપપ્રમુખ શ્રી બિપીન મોમાયાએ મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. સર્વ મંચસ્થ હાજર રહેલ મહાનુભાવો અને સર્વ સાંયરાવાસીઓએ નવકાર મંત્રનું પઠન અને રાષ્ટ્રગીતનું માનભેર એકી અવાજે ગાન કર્યું હતું.

સાંયરાના લાડીલા સાધ્વી પ.પૂ. શ્રી અનંતયશાશ્રીજી મ.સા.ના સંદેશાનું વાંચન કરવામાં આવેલ. ત્યારબાદ સાંયરા વિકાસ મંડળ પ્રમુખ શ્રી ભદ્રેશ પટેલે શ્રોતાગણનું સ્વાગત અભિવાદન કરીને પોતાના વક્તવ્યમાં સાંયરાને હું સિંગાપોર બનાવવા માંગુ છું એના માટે આપણો સહુ સાંયરાવાસીઓએ અથાગ મહેનત સાથે તન, મન, ધનથી સાથ આપવાનો છે એવી હાકલ કરી હતી. આવનારી ૧૪૫ મો ધજા મહોત્સવથી ૧૫૦ મો ધજા મહોત્સવ યોજાય ત્યારે સાંયરા ગામમાં એની તૈયારીઓ માટે વિશેષ યોજના તૈયાર થશે એમાં સૌએ સાથ સહકાર આપવાની વિનંતી કરી હતી, સર્વ સાંયરાવાસીઓએ રજૂઆતને ઉમંગથી આવકારી સાથ આપવાની એક અવાજે ખાતરી આપી હતી.

રજત જયંતિ સ્નેહમિલનમાં સાંયરાના લાડીલા રાયપુર નિવાસી ટ્રસ્ટી શ્રી હરીશભાઈ જવેરચંદ લોડાયાને સાંયરા રત્નનો ખિતાબ અર્પણ કરવામાં આવેલ.









શ્રી હરીશભાઈનું સુંદર સજાવેલ ડોલીમાં મંચ પર વાજતે ગાજતે આગમન તેમનું હાજર રહેલ સર્વ મહાનુભવો દ્વારા હાર, શ્રીફળ અને શાલ ઓઢાડીને બહુમાન અને સાંયરા રત્નનો ખિતાબ એમના પૂર્ણ પરિવાર તથા સાંયરાવાસીઓની હાજરીમાં રંગેચંગે ખુબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવેલ. શ્રી હરીશભાઈએ ત્યારે ભાવુક થઈ જીવન સંગીની સ્વ.ગીતાભાભીને યાદ કરીને તેમની સ્મૃતિમાં સાંયરાવાસીઓને વૈદ્યકીય સહાયમાં મદદરૂપ થાય એ માટે ૫,૦૦,૦૦૦ પાંચ લાખ રૂ.નું માતબર અનુદાનની જાહેરાત કરવામાં આવેલ. ત્યારબાદ સંપૂર્ણ હાજર રહેલ તેમના પરિવારવાસીઓને મંચ પર આમંત્રિત કરવામાં આવેલ તેમનો યાદગીરી રૂપે સમૂહ ફોટાઓ અને ત્યારબાદ સાંયરા મહાજન અને ટ્રસ્ટીગણના પ્રમુખ શ્રી મધુકરભાઈ શાહ

# સાંયરા ગામવાસીઓનું ૨૫મું રજત જયંતિ સ્નેહમિલન




એમના પરિવાર સાથે હાજરી આપેલ. શ્રી ભરતભાઈ દનાણીએ પણ હાજરી આપેલ. સાંયરાના વિદ્યાર્થીઓનું સરસ્વતી અભિવાદન સાયરા વિકાસ મંડળના સેક્રેટરી શ્રી વિજયભાઈ ધરમશીએ એમને મંચ પર આમંત્રિત કરીને દરેકનું બહુમાન મહાનુભવો દ્વારા કરવામાં આવેલ.




મુખ્ય આમંત્રિતોમાં મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયન ભેદા, શ્રી ચેતન મોતા, શ્રી રાજેશભાઈ, શ્રી મનોજ લોડાયા, શ્રી ચેતન ભેદા, શ્રી ભરત જીવાણી, શ્રી દેવેન ધરમશી, શ્રી વિરેન્દ્ર લોડાયા, શ્રી વિજય સોની, શ્રી જયેશ જૈન, શ્રી પ્રવીણ લોડાયાએ હાજરી આપીને સાંયરા ગામના સ્નેહમિલનની શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

આ રીતે સાંયરાવાસીઓ સભાનું પૂર્ણાહુતિ કરીને ત્યારબાદ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં વૈશાલી કારાણી એન્કર, પલ્લવી દાભોલકર, પોમલ શાહ અને રિપૂલ શાહ ગાયકો ડી.જે અને તથા વાંજીત્રો સાથે એક શાનદાર પ્રોગ્રામનું આયોજન દરેક સાંયરાવાસીઓની માણવાનું આમંત્રણ આપવામાં આવેલ.

સભા પછી સાંયરાવાસીઓએ ભાવતા ભોજનને ન્યાય આપી બહોળી સંખ્યામાં છેલ્લે સુધી સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપી એમાં રાસ ગરબા સાથે ઉમંગભેર ભાગ લીધો હતો. અંદાજીત અઢી કલાકમાં સાંસ્કૃતિક કાર્યક્રમની લક્કી ડ્રોના કુપન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરીમાં નાનાથી મોટી ઉંમરના સર્વે માટે એમના વસ્ત્ર પરિધાન, નૃત્ય નિપુણતા, સુંદર જોડી એવા ઈનામો સાથેઓનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સર્વ સાંયરાવાસીઓએ વિદાય લીધી હતા અને દર વર્ષે આવું સરસ આયોજન થાય એવી લાગણી વ્યક્ત કરી હતી.

સાંયરાગામ ખાતે ૧૪૫મા ધજા મહોત્સવનો ફક્ત એક મૂળનાયક આદિનાથ દાદાના ધજાનો ચડાવાના લ્હાવોનો આદેશ અ.સૌ.ગીતાબેન હરીશ લોડાયા હસ્તે માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારે લીધો હતો. બાકીની ધજાના ચડાવા ધજા મહોત્સવ દરમ્યાન સાંયરા ખાતે આપવામાં આવશે. ૧૪૫મી સંપૂર્ણ ધજા મહોત્સવના દાતા સાંયરાના નિયાણી માતુશ્રી



# સાંયરા ગામવાસીઓનું ૨૫મું રજત જયંતિ સ્નેહમિલન





લીલબાઈ શીવજી જીવરાજ લોડાયા જખૌ, માતુશ્રી મણીબાઈ રતિલાલ દેવશી મોમાયા, સાંયરા હસ્તે અ.સૌ.જયાબેન સુરેશ શીવજી લોડાયા, મુલુંડ એમનું પણ સહપરિવાર બહુમાન કરવામાં આવેલ. ધજા મહોત્સવમાં નિયાણીઓને પણ હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવેલ.



આ સંપૂર્ણ સ્નેહમિલનના સાધર્મિક ભક્તિના દાતા માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર, સાંસ્કૃતિક કાર્યક્રમના દાતા શ્રીમતી શીલાબેન ઉત્તમભાઈ મોમાયા પરિવાર તેમજ સાંયરા, રત્ન તેમજ વિદ્યાર્થીઓનું સરસ્વતી બહુમાન સાંસ્કૃતિક કાર્યક્રમ વખતે આપવામાં આવેલ ભેટ સોગાદો, તેમજ લક્કી ડ્રો કુપન માટે આપવામાં આવેલ ભેટ સોગાદો તથા બહુમાનમાં આપવામાં આવેલ ભેટ સોગાદોના દાતા શ્રીમતી ચેતનાબેન બિપીન મોમાયા પરિવારનું પણ બહુમાન કરવામાં આવેલ.



ભાવતા ભોજનના રસથાળ પીરસનાર શ્રી ગિરીશભાઈ લોડાયા અવસર કેટરર્સનું પણ ખૂબ ખૂબ અભિવાદન આ સંપૂર્ણ કાર્યક્રમને યોગ્ય રીતે આયોજન કરવા માટે સાંયરા યુથ ફોરમના કાર્યકરો અને દરેક રીતે સાથ સહકાર આપનારનો, કાર્યક્રમ દરમ્યાન રજીસ્ટ્રેશન સાધારણ યોજનાનો કાઉન્ટર સંભાળનાર તેમજ હાજર રહેલ સર્વ સાંયરાવાસીઓ આમંત્રિતોનું સાંયરા વિકાસ મંડળ નત મસ્તકે અભિવાદન કરેલ.

વિશેષમાં આ સંપૂર્ણ કાર્યક્રમને પોતાના તરફતી ગોલ્ડન દાતા, સિલ્વર દાતા અને ફરી એક વખત કાર્યક્રમ દરમ્યાન સાધર્મિક ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભેટ સોગાદ વિતરણના દાતાઓનું ઋણ સ્વીકાર સાથે આભાર.

સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન મુંબઈ અને પરાઓ તથા ડોંબિવલી એના સિવાય વડોદરા, જલગામ, ઊજ્જૈન, ચેન્નાઈ, રાયપૂર, પૂના તથા દોહા કતાર તેમજ અન્ય સ્થળોથી આવેલ. સાંયરાવાસીઓની હાજરીએ આ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

# માતુશ્રી કુંવરબાઈ પદમશી લોડાયા પરિવારનું ગૌરવ

## પરજાઉ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન પરજાઉ અને શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ અમદાવાદનું ગૌરવ.
પરજાઉ મંડન શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી વાસુપૂજ્ય સ્વામી, કુળદેવી શ્રી સચ્ચાઈમાતા, શ્રી ભલારાદાદા તથા
શ્રી પ.પૂ.અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની અસીમ કૃપાથી
શ્રી જયેશ ઠાકરશી લોડાયા-ભૂમિ રોડલાઈન્સ અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશન ની (AMTA)
૨૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ યોજાયેલ ચૂંટણીમાં ઉપપ્રમુખપદે ચૂંટાઈ આવ્યા છે.
આ ઐતિહાસિક ઘડી લગભગ સાડાચાર દાયકા બાદ

**શ્રી જયેશભાઈ દ્વિતીય કેડીઓ છે.**

જે AMTA માં ઉપપ્રમુખ પદે ચૂંટાયેલ છે. વર્ષ ૧૯૭૪-૭૫ની સાલમાં
શ્રી બાબુભાઈ વીરમ લોડાયા-શ્રી ચકેશ્વરી ટ્રાન્સપોર્ટ-અમદાવાદ AMTAમાં બીનહરીફ પ્રમુખપદે ચૂંટાઈ આવેલ.



**શુભેચ્છક :**

- માતુશ્રી કાંતાબાઈ ઠાકરશી લોડાયા પરિવાર
- માતુશ્રી નવલબાઈ વીરચંદ ધરમશી પરિવાર
- માતુશ્રી કસ્તુરીબાઈ ખીમજી લોડાયા
- માતુશ્રી વિજયાબાઈ વીરેન્દ્ર લોડાયા પરિવાર
- માતુશ્રી મણિબાઈ બાબુભાઈ લોડાયા પરિવાર
- બહેનશ્રી પ્રિતા મુકેશ વીરચંદ મૈશેરી પરિવર
- શ્રી ગુલાબભાઈ ધનજી દંડ પરિવાર
- શ્રી પ્રભુલાલ કે. સંઘવી (સવાણી ટ્રાન્સપોર્ટ)

**મિત્રવર્ગ :**

- ચંદ્રેશ વિરેન્દ્ર લોડાયા
- જતીન વિરેન્દ્ર લોડાયા
- ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા
- દીપક પ્રવીણ લોડાયા
- મનીષ નેણસી મોતા
- કમલેશ શામજી લોડાયા
- સર્વે કેડીઓ ટ્રાન્સપોર્ટ મિત્રવર્ગ-અમદાવાદ

**With Best Compliments**

- Shri Khimji Anandji Lodaya
- Shri Virendra Raghavji Lodaya
- Khimji Anandji & Co.
- C. Narshi Roadlines

# કેડીઓ વેલ્ફેર એસોસિએશન હૈદ્રાબાદ મુંબઈ સંચાલિત સામાજીક સુરક્ષા યોજનાના નિયમોમાં ફેર બદલ કરાયા

સામાજિક સુરક્ષા યોજનામાં ફેરફાર તથા ફેબ્રુઆરી ૨૩ માં ૧+૧ ફ્રી ઓફર

કેડીઓ જ્ઞાતિજનો માટે કેડીઓ સામાજિક સુરક્ષા યોજના છેલ્લા ૩૩ વરસથી સુપેરે ચાલી રહી છે.

તા. ૨૨.૦૧.૨૦૨૩ ના મુલુંડ માં આયોજિત સંસ્થાની જનરલ બોડીની અસામાન્ય સભામાં કેડીઓ સામાજિક સુરક્ષા યોજના ૨૦૨૩ ને તા.૧લી એપ્રિલ ૨૦૨૩થી અમલમાં આવે એ રીતે મંજૂર કરવામાં આવી છે જેના મુખ્ય ફેરફાર નીચે મુજબ છે.

૧. સભ્ય બન્યાના એક વરસ પછી અને ૫૫ વરસની વય પહેલાં સભ્યનું અવસાન થાય તો નોમીનીને વર્તમાન રૂ.૭૫,૦૦૦/- થી વધારીને રૂ.૧,૦૦,૦૦૦/- ની સોશિયલ સિક્યોરિટી મ્યુચ્યુઅલ બેનીફીટ રકમ અપાશે અને અકસ્માતથી અવસાનમાં પણ રકમ રૂ.૭૫,૦૦૦/- થી વધારીને રૂ.૧,૦૦,૦૦૦/- કરવામાં આવી છે.

૨. સભ્યને ૫૫ વરસ ની વય બાદ રીટાયર થતાં ડીપોઝીટની રકમ પરત ના મળશે અને કંઈ પણ બોનસ પણ નહીં મળશે.

૩. નવા સભ્યો થવા માટે એક જ વખત ભરવાની રકમ રૂ.૨૨૦૦/- થી ઘટાડીને રૂ.૨૦૦૦/- કરવામાં આવી છે.

૪. નવા સભ્યો માટે દાખલ થતી વખતે વય મર્યાદા ૫ થી ૫૦ વરસની રાખવામાં આવી છે.

વર્તમાન નોન સ્પોન્સર્ડ સભ્યોને એક વિકલ્પ આપવામાં આવી રહ્યો છે કે અગર કોઈને હાલની યોજનામાં ચાલુ રહેવું હોય તો એમને હાલના નીતિ નિયમો લાગુ પડશે. તેમને રીટાયરમેન્ટ પછી ડીપોઝીટ પરત મળશે તથા વર્તમાન દરોએ બોનસ પણ મળશે પણ એમના ક્લેમની રકમ હાલના દર પ્રમાણે રૂ. ૭૫,૦૦૦/- સુધી જ સિમિત રહેશે.

જે પણ નોન સ્પોન્સર્ડ સભ્યોને જૂની યોજનામાં ચાલુ રહેવું છે તેમણે તા. ૩૧.૦૩.૨૦૨૩ સુધીમાં વિકલ્પ એમના પોતાના ઈમેલ કે વોટ્સએપ પરથી સંસ્થાના પ્રમુખ દીપક ગંગાજર શાહ ડાઘા કે સેક્રેટરી - કિરણ ઠાકરશી મૈશેરીને મોકલી આપવાનું રહેશે સાથે તેમની મેમ્બરશીપ સર્ટિફિકેટની કોપી પણ આપવાની રહેશે.

**ફરી એક વખત ધમાકા ઓફર**

**એક પર એક ફ્રી**

**ફેબ્રુઆરી ૨૦૨૩ માં પ્રથમ ૧૦૦ + ફ્રી ૧૦૦ નવા મેમ્બર સુધી**

ફોર્મ ભરીને સાથે જરૂરી દસ્તાવેજની નકલ બીડીને ફોર્મમાં આપેલા હૈદરાબાદના સરનામે સેક્રેટરી શ્રી કિરણ ઠાકરશી મૈશેરીને કુરીયર / સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે.

આ ઓફર દરેક પરિવાર દીઠ ૧+૧ નવા સભ્ય માટે જ છે. તા. ૨૮.૦૨.૨૦૨૩ સુધી અથવા પ્રથમ ૧૦૦ + ૧૦૦ ફોર્મ મળે - જે પણ પ્રથમ થાય - ત્યાં સુધી ખૂલી છે.

આપ સામાજિક સુરક્ષા યોજનાના ફોર્મ માટે અથવા આપ મેમ્બર છો કે નહી તે જાણવા આપનું પુરુ નામ તથા ગામના નામની વિગતો ઈમેલ કરવા અથવા સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

ઈમેલ: welfarekdo@gmail.com

કિરણ ઠાકરશી મૈશેરી, હૈદરાબાદ, સેક્રેટરી ૯૮૮૫૨૧૬૮૮૬, દીપક ગંગાજર શાહ ડાઘા મુલુંડ પ્રમુખ ૮૭૬૭૭૫૩૦૮૨.

# શ્રી ગુજરાતી સમાજ નાંદેડના અધ્યક્ષપદે કેતનભાઈ નાગડાની વિજયી હેટ્રીક

શ્રી ગુજરાતી સમાજ નાંદેડની નવી ટર્મ વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૮ સુધી માટેની કારોબારી સમિતિના ૧૧ સદસ્યોની ચૂંટણીનું મતદાન તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૩ રવિવાર રોજ સંપન્ન થયું. જેમાં શ્રી કેતનભાઈ નાગડાની અધ્યક્ષતામાં પ્રગતિ પેનલના સર્વે સદસ્યો પ્રતિસ્પર્ધી ઉમેદવારોની સામે બહુમતીથી ચૂંટાઈ આવ્યા. પ્રગતિ પેનલના કેતનભાઈ નાગડાની આગેવાની હેઠળ રાજેશભાઈ લોટીયા, વિશ્રામભાઈ ગોરી, ભવાનજીભાઈ પટેલ, સુરેશભાઈ સાંગાણી, રાકેશભાઈ શાહ, દિલીપભાઈ પટેલ, વિજયભાઈ ચૌહાણ, મેહુલભાઈ દાવડા, હર્ષલભાઈ શાહ અને યોગેશભાઈ ભાનુશાલી વિજયી થયા.

નવ નિર્વાચિત સદસ્યોની મિટીંગ તા.૨૨ જાન્યુઆરી રવિવારે યોજાઈ. જેમાં સર્વ સંમતિથી કેતનભાઈ નાગડાની અધ્યક્ષ પદે વરણી કરાઈ હતી. આમ તેમની આ પદ ઉપર વિજય હેટ્રીક તરીકે વરણી થઈ હતી. તેઓ છેલ્લી ત્રણ ટર્મથી શ્રી ગુજરાતી સમાજ નાંદેડનું અધ્યક્ષ પદ શોભિત કરી રહ્યાં છે. તેમના કાર્યકાળ દરમ્યાન શ્રી ગુજરાતી સમાજની નિરંતર પ્રગતિ થઈ રહી છે. તે ઉપરાંત સમગ્ર મહારાષ્ટ્ર રાજ્ય શૈક્ષણિક ક્ષેત્રમાં જાણીતા એવી ૧૯૩૮ વર્ષથી સ્થાપના થયેલ શ્રી ગુજરાતી શિક્ષણ સંસ્થા અંતર્ગત ગુજરાતી હાઈસ્કૂલ, ગુજરાતી પ્રાથમિક શાળા, ભાનુમતી વર્મા બાલ મંદિર તેમજ ગુજરાતી અંગ્રેજી મીડિયમ સ્કૂલમાં આજ સમય સુધી લગભગ ૪૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ લીધું છે અને શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર સુદ્રઢ કર્યું છે.

# શ્રી રાણપર તીર્થના શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ૧૩૦ મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન







કચ્છના શ્રી રાણપર તીર્થે શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૧૩૦મી ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે તા.૩૦ જાન્યુઆરી સોમવારના અઢાર અભિષેક મહાપૂજનની ધર્મ આરાધનાઓ પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. અને પ.પૂ.સાધ્વી શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની પુણ્ય પ્રભાવી નિશ્રામાં વિધિકાર સંગીતકાર ચિરાગ ખુશાલ સંગોઈ સથવારે અદ્ભૂત ભાવ સાથે સંપન્ન થઈ.








# પરિવારના શુભ પ્રસંગ નિમિત્તે શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર દ્વારા ધર્મ આરાધનાઓ સાથે જીવદયા કાર્ય થયું



તા.૩૧ જાન્યુઆરી મંગળવાર મહાસુદ ૧૦ તિથિ દિન સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન કોઠારા મુલુંડના પરિવારમાં ચિ. પ્રિયા જયેશ જૈનના શુભલગ્ન પ્રસંગે તેમના તરફથી શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, પરજાઉ ના સાંનિધ્યમાં સવારે સ્નાત્ર પૂજા, પંચકલ્યાણક પૂજા, જીવદયા, પક્ષીને ચણ, કૂતરાને રોટલા તથા બપોરે સકળ સંઘ માટે સ્વામીવાત્સલ્ય જમણવાર રાખેલ.

# અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ઉપપ્રમુખ પદે જયેશ ઠાકરશી લોડાયાની વરણી



શ્રી અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશન જે અમદાવાદ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના વ્યવસાયિકોનું સંગઠન છે. જેના પ્રમુખ પદે અગાઉ વર્ષ ૧૯૭૪-૭૫માં શ્રી ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટવાળા શ્રી બાબુભાઈ વિરમ લોડાયા રહી ચૂક્યા છે. તે સંગઠનના ઉપપ્રમુખ પદે નવી ટર્મ માટે ભૂમિ રોડલાઈન્સના શ્રી જયેશભાઈ ઠાકરશી લોડાયા, પરજાઉ-અમદાવાદ તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૩ શનિવારના AMIA અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશનની યોજાયેલ ચૂંટણીમાં ચૂંટાઈ આવ્યા છે. જે માટે તેમને હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એજ શુભકામના.

# પ.પૂ.સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના દ્વિતીય વર્ષમાં પ્રવેશ



કચ્છ ગામ લાલાના માવિત્ર ખ્યાતિબેન રાજેશભાઈ મૈશેરીના ધર્મસંસ્કાર ભાવમાં લપટાયેલ પુત્રી ડોંબિવલી નગરે પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે વિક્રમ સંવત ૨૦૭૮ મહાસુદ તેરસ તિથિ દિને દીક્ષા સ્વીકારી સંયમજીવન પથની સફર શરૂ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બન્યા.

આજે વિક્રમ સંવત ૨૦૭૯ના મહાસુદ તેરસ તિથિએ પૂજ્ય સાહેબ સંયમજીવન પ થ પ્રવાસનો પ્રથમ વર્ષ પૂર્ણ કરી દ્વિતીય વર્ષમાં સફળપણે પ્રવેશ કર્યો છે. આ જ રીતે ધર્મ, તપ, આરાધના ભાવ સાથે પથ પ્રવાસ આગળ વધી નવા સીમાચિહ્ન શિખર પાર કરે એજ ભાવના કામના સાથે વંદના.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કોઠારા તીર્થે શ્રી શાંતિનાથ સ્વામી દાદા જિનાલયનો ૧૬૨મો ધ્વજા મહોત્સવ ધર્મ ભાવ સાથ સંપન્ન થયો





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતની મોટી પંચતીર્થીના કોઠારા તીર્થે શ્રી શાંતિનાથ દાદાના જિનાલયનો ૧૬૨મો ધ્વજા મહોત્સવ પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. આદિ સાધુ સાધ્વીશ્રી ભગવંતોની પાવનકારી નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ કરી સંપન્ન થયો.





# કચ્છ બાયઠ નગરે શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ૭૨મો ધ્વજા મહોત્સવ ભવ્ય ભાવ સાથે થયો







કચ્છ અબડાસા પ્રદેશના બાયઠ નગરે શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૨મી ધ્વજા મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં વિધિકાર પ્રવીણ સાવલા સથવારે ધન્યતાથી થઈ.

|| શ્રી સુવિધિનાથાય નમઃ || || શ્રી જીરાવલ્લા-મુનિસુવ્રત-સીમંધરસ્વામિને નમઃ ||

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી

સંઘપ્રેરક : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.



## ડોંબિવલીના પ્રથમ શિખરબદ્ધ
## શ્રી સુવિધિનાથ જિનાલયના રજત વર્ષે

## કલ્યાણક ભુમિઓની મંગલકારી યાત્રા

ડોંબિવલીના રાજાધિરાજ **શ્રી સુવિધિનાથ દાદા**ના કલ્યાણકોથી પાવન **કાકંદી તીર્થ**
ડોંબિવલી (વેસ્ટ) શિરતાજ **શ્રી મુનિસુવ્રતસ્વામી દાદા**ના કલ્યાણકોથી પવિત્ર **શ્રી રાજગૃહી તીર્થ**
ડોંબિવલીના આસ્થાના કેન્દ્ર સમા **શ્રી પાર્શ્વનાથ દાદા**ના કલ્યાણકોથી વિભુષિત **વારાણસી તીર્થ**

**૨૦-૨૦ તીર્થંકરોની મોક્ષભૂમિ સમ્મેતશિખરજી આદિ ૫૪-૫૪ કલ્યાણકોની**

**૧૨ દિવસીય વિશિષ્ટ અનુષ્ઠાનો સહ યાત્રા**

શુભ પ્રયાણ
**શુક્રવાર**
**તા. ૧૦-૨-૨૦૨૩**
રાત્રે

કુલ યાત્રિકો
**236**

શુભ આગમન
**મંગળવાર**
**તા. ૨૧-૨-૨૦૨૩**
વહેલી સવારે

## મુખ્ય સંઘપતિ

શ્રી સુવિધિનાથ જિનાલય તથા પ.પૂ.સા.ભ. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.ના સંયમ રજત વર્ષ
તથા ચિ. જય પ્રવિણની સ્મૃતિમાં

## માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા (કોઠારા તીર્થ) તથા

કચ્છ શેરડી નગરે અંજનશલાકા -પ્રતિષ્ઠા - દીક્ષા મહોત્સવના ઉપલક્ષમાં

## શ્રીમતી પ્રિતીબેન પ્રફુલ પાસડ (શેરડી)

લાભાર્થીઓના સુકૃતની અંતરથી અનુમોદના...

**યાત્રામાં લાભ લેવાની અમુલ્ય તક**

| યાત્રાના એક દિવસના સહયોગી દાતાનો | યાત્રાના એક દિવસના શુભેચ્છક દાતા |
|---|---|
| નકરો રૂા. ૧,૦૦,૦૦૦/- | નકરો રૂા. ૩૩,૩૩૩/- |

વહેલો તે પહેલોના ધોરણે નામ આવકાર્ય - 98205 65261 / 90827 34339

**રજત વર્ષે સર્વે અચલગચ્છીય જિનાલયો / ઉપાશ્રયો માટે ઉપકરણોની ભેટ**

શ્રી સુવિધિનાથ જિનાલયના રજત વર્ષે ભારતભરના અચલગચ્છીય જિનાલયો / ઉપાશ્રયો માટે જરૂરી ઉપકરણો ભેટ આપવા છે.
જિનાલય માટે ભંડારા, ત્રિગડુ - ગઢ, પૂજાને લગતા ઉપકરણો (થાળી, વાટકી, તાંબા કુંડી, દિપક, આરતી, મંગળદીવો વગેરે) ઉપાશ્રય માટે પાટ, પરાત, મચ્છરદાની વગેરે
આજે જ આપના જરૂરીયાત પ્રમાણે સંઘ/મહાજનના લેટરપેડ પર લખી મો. 92221 03974 આ નંબરે વોટ્સએપ કરશો.

**શ્રી સુવિધિનાથ જિનાલયના રજત વર્ષની ધ્વજા**

વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવેલ આ ધ્વજા ઘરે ઘરે પધરાવવા માટે તા.૨૨/૨ થી આપવામાં આવશે

**લિ. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી - મંત્રીઓ**

|| શ્રી સુવિધિનાથાય નમઃ ||

|| શ્રી જીરાવલ્લા-મુનિસુવ્રત-સીમંધરસ્વામિને નમઃ ||

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી



સંઘપ્રેરક : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

## અચલગચ્છીય સ્નાત્ર પૂજાનું ભવ્ય આયોજન

## ડોંબિવલી સંઘ બન્યો પ્રથમ વિજેતા....

## અભિનંદન... શુભેચ્છા... ધન્યવાદ...

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઈ દ્વારા સ્નાત્ર પૂજા હરિફાઈનું ભવ્ય આયોજન કર્યું.
પ્રથમ રાઉન્ડમાં ૨૩ માંથી ૧૧ ટીમ સીલેક્ટ થઈ, સેમી ફાઈનલ રાઉન્ડમાં ૧૧ ટીમ માંથી ૬ ટીમ સીલેક્ટ થઈ અને

**છેલ્લે ફાઈનલ રાઉન્ડમાં ૬માંથી શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી ની ટીમને પ્રથમ વિજેતા જાહેર કરવામાં આવેલ.**




### સ્નાત્ર પૂજા હરીફાઈમાં ભાગ લેનાર બાળકો

| | | |
|---|---|---|
| • મહેર પ્રિતેશ દેઢિયા (તલવાણા) . વય ૦૮ વર્ષ | • યશ ધીરેન ગાલા (કોટડા) . . . વય ૧૨ વર્ષ | • હુશારી ગૌરવ ગાલા (મોટી ખાખર) . વય ૧૩ વર્ષ |
| • ઈશા મનીષ ગોગરી (નાંગલપુર) . વય ૧૧ વર્ષ | • પ્રથમ નયન શાહ (ચાંગડાઈ) . વય ૧૨ વર્ષ | • નૈતિક દીપેશ છેડા (બાયઠ) . . . . . વય ૧૪ વર્ષ |
| • પ્રીશા દીપેશ રાંભીયા (ગુંદાલા). . વય ૧૧ વર્ષ | • ગૌતમ રોહીત કારાણી (ડુમરા). વય ૧૩ વર્ષ | • ઉમંગ કેતન ગોસર (ચીઆસર) . . . વય ૨૦ વર્ષ |
| • આર્યન મિતેશ કારાણી (ડુમરા). . વય ૧૨ વર્ષ | • હર્ષીલ કમલેશ સોની (જખૌ). . વય ૧૩ વર્ષ | • વંશ વિશાલ ગોરે (હાલાપર) . . . . . વય ૧૫ વર્ષ |

**અભિનંદન :** સ્નાત્ર હરીફાઈમાં શરૂઆતથી બાળકોને નિત નવા રાગો સુર અને તાલ શિખાડનાર ઉમંગ કેતન ગોસર

આયોજક શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન - મુંબઈની અનુમોદના તથા

હરિફાઈમાં ભાગ લેનાર ૨૩ ટીમો તે ટીમોના સંઘની અનુમોદના...

ડોંબિવલી સંઘની ટીમમાં ભાગ લેનાર બાળકો, વાલીઓ તથા તેઓને તૈયાર કરનાર તથા સહાયક થનાર તમામની અનુમોદના... આભાર...

# ડોંબિવલીના પ્રથમ શિખરબધ્ધ શ્રી સુવિધિનાથ જિનાલયની રજત વર્ષની ધ્વજા




## હર ઘર ધ્વજા... ઘર ઘર ધ્વજા...

વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવેલ આ ધ્વજા ડોંબિવલીના પ્રત્યેક ઘરે પધરાવી શકાય
એવી શક્યતા ન હોતા શ્રી સંઘે નક્કી કરેલ વ્યવસ્થા પ્રમાણે
શ્રી સંઘના વાર્ષિક સર્વ સાધારણ, પાઠશાળા, આયંબિલ (રૂા. ૫૪,૦૦૦/- થી ૩,૬૦૦/-) ની
યોજનામાં લાભ લેતા લાભાર્થીઓમાંથી ૧૦૦ લક્કી ડ્રો

**તા. ૨૬મી જાન્યુઆરી 2023 ,ગુરૂવાર, સવારના ૯.00 કલાકે**

સ્નાત્ર પૂજા હરિફાઈમાં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલા ટીમના
ભવ્ય અનુમોદના કાર્યક્રમ દરમ્યાન આ ડ્રો કાઢવામાં આવશે.
(ડ્રો વખતે હાજરી જરૂરી છે.)

બાકી ૧૦૦ નામો વહેલા તે પહેલાના ધોરણે
રવિવાર, તા. ૨૯-૧-૨૦૨૩, સવારે ૯.૦૦ થી નોંધવામાં આવશે.
તા. ૨૯-૧-૨૦૨૩ થી ધ્વજા ઘરે પધરાવવા માટે આપવામાં આવશે
તે માટે ચડાવાનો આદેશ તા. ૨૬-૧-૨૦૨૩ના આપવામાં આવશે.
વધુ માહિતી માટે દેરાસરની પેઢીમાં સંપર્ક કરશો.

શ્રી સુવિધિનાથ જિનાલયના રજત વર્ષના પંચાન્હિકા મહોત્સવની તારીખો
અત્યારથી જ ડાયરીમાં નોંધી લેશો....

**વૈશાખ વદ ૧૩, તા. ૧૭-૫-૨૦૨૩ થી જેઠ સુદ ૨, તા. ૨૧-૫-૨૦૨૩**

લિ. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી - મંત્રીઓ

# શ્રી સર્વોદય અચલગચ્છ મુલુંડ સંચાલિત રાઈઝિંગ સ્ટાર પાઠશાળાના વાર્ષિક દિનની ઉજવણી થઈ





તા.૨૬ જાન્યુઆરી ગુરૂવારે શ્રી સર્વોદય અચલગચ્છ સંચાલિત મુલુંડની રાઈઝિંગ સ્ટાર પાઠશાળાના એન્યુઅલ ડેની ભવ્ય ઉજવણી કરાઈ. બાળકોએ ડાન્સ અને સ્પીચ આપી પોતાની કલા દર્શાવી હતી. બીનાબેન ગોસર, નિર્મળાબેન લોડાયા, વિમળાબેન ફુરિયા, હીરાબેન લોડાયા, મંજુલાબેન મારૂએ દીપ પ્રાગટ્ય કરી પ્રોગ્રામની શરૂઆત કરી હતી. આમ બાળકોએ પાઠશાળાનો વાર્ષિક દિવસ આનંદ, ઉત્સાહ અને મસ્તીભર્યા માહોલમાં વિતાવ્યો હતો.



## પ.પૂ.સાધ્વીશ્રી જિનગુણાશ્રીજી મ.સા.એ સંયમજીવનના ૩૬ વર્ષમાં પ્રવેશ કર્યો



મહાસુદ ૧૦ તિથિ વિક્રમ સંવત ૨૦૪૪ના જખૌ નગરના માવિત્ર કાંતાબાઈ જીવરાજ મૈશેરીના ગુણીયલ પુત્રી સંયમજીવનના રંગમાં આત્મકલ્યાણ કાજે પાલીતાણા તીર્થનગરે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરીને ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

વિ.સં.૨૦૭૯ મહાસુદ ૧૦ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમજીવનનો પ્રવાસ ધર્મ, તપ, આરાધના કરતા પાંત્રીસ વર્ષ પૂર્ણ કરી સફળપણે છત્રીસમા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે ત્યારે સૌને હૈયે એ ભાવના છે કે પૂજ્ય મ.સા. સંયમ જીવન પથના સુવર્ણ વર્ષ ઓળંગી આગળ શત વર્ષના શિખરે ભવ્યતાથી બિરાજે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# વારાપધ્ધર તીર્થે શ્રી આદિનાથ ભગવાન જિનાલયની ૧૬૨મી ધ્વજા મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ









કચ્છના અબડાસા પંથકના વારાપધ્ધર નગર તીર્થના શ્રી આદિનાથ ભગવાન જિનાલયની ૧૬૨મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ પ્રસંગે અઢાર અભિષેક મહાપૂજન સહ વિવિધ ધર્મ આરાધનાઓ વિધાન વિધિકાર સંગીતકાર ચિરાગ ખુશાલભાઈ સંગોઈ ગામ બાડાના ભાવ સ્વર રાગ સાથે અદ્ભૂત ધર્મ ભાવ લાભ સાથે તા.૧ ફેબ્રુઆરી બુધવારના દિને થઈ હતી.

# નૂતન દિક્ષિત મહારાજ સાહેબોના નવા નામકરણ થયા







પ.પૂ.મુનિશ્રી ગચ્છોદયસાગર મ.સા.ના શિષ્ય નૂતન દીક્ષિત રાજકુમાર જીનું નવું નામ પ.પૂ.મુનિશ્રી રત્નોદયસાગરજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા નૂતન દીક્ષિત જ્યોતિબેનનું નવું નામ પ.પૂ.સાધ્વીશ્રી નેમરક્ષિતાજી મ.સા. કરાયું છે.



# સાંધવ તીર્થે જિનાલયનો ૧૫૭મો ધ્વજા રોહણ મહોત્સવ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં થયો

તા.૨ ફેબ્રુઆરી ગુરૂવાર દિને કચ્છ અબડાસાના સાંધવ નગર તીર્થના જિનાલયનો ૧૫૭મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગ પ.પૂ.શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.શ્રી મુક્તિરત્નસાગરજીત મ.સા., પ.પૂ.શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ચતુર્વિધ સંઘની હાજરીમાં ધામધૂમપૂર્વક ધર્મ આરાધનાઓ કરીને સંપન્ન થયો.





# યવતમાલ સંઘના શ્રી કુંથુનાથ સ્વામી જિનાલયનો ૧૩મો ધ્વજા મહોત્સવ ઉત્સાહભાવ સાથે સંપન્ન





શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલમાં શ્રી કુન્થુનાથસ્વામી જિનાલય ૧૩ મો ધ્વજા મહોત્સવ વિધિકાર શ્રી ચિરાગભાઈ સગોઈના સથવારે સંપન્ન.

# શ્રી સુજાપુર નગરના શ્રી અજિતનાથ સ્વામી જિનાલયનો ૧૪૧મો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંત વિભાગના સુજાપુર નગર સંઘના શ્રી અજિતનાથ સ્વામી જિનાલયનો ૧૪૧મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગ પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ ઉત્સાવ ભાવ સાથે કરીને સંપન્ન થયો.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી આયોજિત શ્રી શેત્રુંજય મહાતીર્થ છ ગાઉ ભાવ યાત્રા પ્રવાસનું આયોજન

ફાગણ સુદ ૧૩ રવિવાર, તા.૫ માર્ચ ૨૦૨૩ પવિત્ર દિને શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા શ્રી શેત્રુંજય મહાતીર્થ છ ગાઉ ભાવ યાત્રા પ્રવાસ લાભાર્થી પરિવાર માતુશ્રી ભમલબેન પદમશી પુંજાભાઈ પીર-લોડાયા, સુથરીના સહયોગથી બસો દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

વહેલો તે પહેલાના ધોરણે રૂા.૫૦ રિફંડેબલ ડિપોઝીટ ભરી મંડળ કાર્યાલયમાં તા.૨૨ ફેબ્રુઆરી સુધી નામ નોંધણી કરાવી દેવી. બસ ઉપડવાના સ્થળો ઈસ્ટમાં શ્રી કેડીઓ મંડળ કાર્યાલયથી જ્યારે વેસ્ટમાં સમ્રાટ હોટલ ચોકથી.

વધુ વિગત માટે સંપર્ક ધાર્મિક સમિતિ કન્વીનર જીજ્ઞા વિજય છેડા-૯૩૨૨૧૦૮૭૬૮

**છ ગાઉ ભાવ યાત્રાનો ટૂંકમાં મહિમા**

શ્રી શંત્રુજ્ય તીર્થ પર ફાગણ સુદ તેરસના દિને શ્રી કૃષ્ણજીના પુત્રો શામ્બ અને પ્રદ્યુમ્ન સાડા આઠ કરોડ મુનિઓ સાથે અનશન કરી મોક્ષ પદ પામ્યા. એથી આ દિવસે શંત્રુજ્ય ગિરીરાજની છ ગાઉની પ્રદક્ષિણા યાત્રાનો અપૂર્વ મહિમા છે.

સમગ્ર ભારતમાંથી આ પાવના દિવસે લાખો ભાવિકો શ્રી શંત્રુજ્ય ગિરીરાજની યાત્રા કરવા ઊમટે છે. આ યાત્રાનું માહાત્મય દર્શાવતા લખવામાં આવ્યું છે કે શામ્બ પ્રદ્યુમન ઋષિ કહ્યા, આડી આઠ કરોડ, તે તીર્થેશ્વર પ્રણમી, પૂર્વકર્મ પિછોહ.

# કે.ડી.ઓ કલાસિક મુંબઈ દ્વારા કચ્છના જ્ઞાતિજનો માટે કચ્છી નાટકનું ભુજમાં આયોજન

કે.ડી.ઓ કલાસિક મુંબઇ દ્વારા તા. ૧૨-૨-૨૦૨૩ રવિવારે બપોરે ૨-૩૦ કલાકે ટાઉન હોલ ભુજ એક કચ્છી નાટક ''મન મેલે ત અખીયું ખેલે,, નું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર કચ્છમાં રહેતા સર્વે કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિજનો તથા આમંત્રિતોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કે.ડી.ઓ. કલાસિક મુંબઇ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કચ્છનાં દરેક ગામો અને શહેરોમાં રહેતા સમાજવાસીઓને બપોરે બે વાગે ટાઉન હોલ ભુજ મધ્યે એકઠા કરાશે.

આવવા-જવાની સંપૂર્ણ વાહન વ્યવસ્થા કે.ડી.ઓ કલાસિક મુંબઇ દ્વારા કરવામાં આવેલ છે.

બપોરે ૩ વાગે કચ્છી નાટક, સાંજે ૫-૩૦ વાગે સંધ્યા ભોજન કરી એજ વાહનો દ્વારા સર્વેને તેમના ગામ સુધી પહોંચાડવામાં આવશે. સર્વે જ્ઞાતિજનોને તુરત નામ નોંધણી ગામના કાર્યકરો પાસે કરાવવા જણાવાયું છે.

# શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ વરંડી મોટી દ્વારા ૧૩મી સામૂહિક પહેડી તા.૨૬ ફેબ્રુઆરીના રોજ ભાંડુપ મધે

શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ વરંડી મોટી દ્વારા વરંડી મોટી સ્થાનકે સચ્ચાઈ માતાજી તથા ભલારાદાદાની ૧૩મી સમૂહ પહેડી તથા વાર્ષિક સભા અહેવાલ હાર્દિક તથા નવી સમિતિની નિમણૂંક તા.૨૬ ફેબ્રુઆરી રવિવાર સવારે ૯ થી ૧ દરમ્યાન કૂકરેજા મિની હોલ, આગ્રા રોડ, અનંત સિધ્ધિ સામે ભાંડુપ વેસ્ટ મધે આયોજિત કરાઈ છે. દાતા પરિવાર માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી ભાણજી લોડાયા સમસ્ત પરિવાર.

સર્વે ભાવિકો નિયાણી બહેનોને સહપરિવાર સમય પધારવાનું હાર્દિક આમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક મણિલાલ ડી. શાહ-૯૩૨૨૨૭૬૨૯૬, અનિષ શાહ-૯૮૩૩૫૧૧૬૮૫ તથા રમેશ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦.

# શ્રી આદિ અનંત વિહાર ગ્રુપની દ્વિતીય વર્ષગાંઠ નિમિત્તે શ્રી ગીતા ફાઉન્ડેશન દ્વારા મસ્જિદ બંદર સ્થળે અનુકંપાદાન કરાયું







તા.૬ ફેબ્રુઆરી સોમવારના મંગલ દિને દક્ષિણ મુંબઈનું વિહાર ગ્રુપ એટલે દક્ષિણરત્ન મહાતપસ્વી, પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. સ્થાપિત અને પ્રેરિત તેમજ યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. સંચાલિત શ્રી આદિ અનંત વિહાર ગ્રુપની દ્વિતીય વર્ષગાંઠ છે.

આ પ્રસંગની ખુશાલીની ઉજવણી રૂપે તા.૪ ફેબ્રુઆરી શનિવારે શ્રી ભાવિનીબેન લોડાયા, વારાપધ્ધર-મુલુંડ દ્વારા સ્થાપિત શ્રી ગીતા ફાઉન્ડેશનના સથવારે મસ્જિદ બંદર મુકામે અનુકંપા દાન કરી શુભ કાર્ય થયેલ.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાનો સંભવિત વિહાર કાર્યક્રમ

અબડાસા પ્રદેશની નૂતન પંચતીર્થ વાવાલાપરાના વારાપધર નગરે નવનિર્વાણ થનારા જિનાલયના ખાત મૂહૂર્ત, ભૂમિપૂજન, શિલાન્યાસ પ્રસંગે નિશ્રા પ્રદાન દાતા અચલગચ્છાધિપતિ સાહિત્યદિવાકર આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.પોતાના પરિવાર સાથે પ્રથમવાર અબડાસા પંથકમાં કચ્છી દશા ઓસવાલ મહાજનના ગામોમાં પધારી રહ્યાં છે ત્યારે સૌ જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી શોભામાં અભિવૃધ્ધિ કરી સાહેબજીના પાવન પગલાને શાનદાર પ્રણાલીથી વધાવીએ, ઉજવીએ. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનોને વારાપધ્ધર મહાજનનું ભાવભર્યું આમંત્રણ છે.અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાનો સંભવિત વિહાર કાર્યક્રમ નીચે મુજબ પ્રમાણે રહેશે.

મંગળવાર તા.૭ ફેબ્રુઆરી સવારના સાંધવ પધરામણી. સાંજે ૪ કલાકે વારાપધ્ધર નગરે ભવ્ય સામૈયું, તા.૮,૯ અને ૧૦ ફેબ્રુઆરી બુધવારથી શુક્રવાર વારાપધ્ધર નગરે ત્રિહાન્હિકા કાર્યક્રમમાં નિશ્રા આપ્યા બાદ, તા.૧૦ ફેબ્રુઆરી શુક્રવારના બપોરના કોઠારા, તા.૧૧ ફેબ્રુઆરી શનિવારે સવારે તેરા, સાંજે નલિયા, તા.૧૨ ફેબ્રુઆરી રવિવારના સવારે જખૌ, સાંજે લાલા નગરે, તા.૧૩ ફેબ્રુઆરી સોમવારના રાપરગઢવાળી, બપોર પછી સિંધોડી અને આરીખાણા અને તા.૧૪ ફેબ્રુઆરી મંગળવારે સુથરી. ઉપરોક્ત રીતે અબડાસા વિભાગનો સંભવિત વિહાર કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે.

સર્વે જ્ઞાતિજનોએ ભાવિકોએ ઉપરોક્ત નગરે સામૈયામાં પધારી હાજરી આપવા નમ્ર વિનંતી. તે સાથો સાથ આજુબાજુના ગામના ગામવાસીઓએ પણ શક્ય હોય ત્યાં પધારી સામૈયામાં હાજરી આપી શોભામાં અભિવૃધ્ધિ કરવાનો નમ્ર અનુરોધ.

પરમ પૂજ્ય સાહેબ શ્રી ગચ્છાધિપતિ બન્યા બાદ પ્રથમવાર જ અબડાસા મધે પધારી રહ્યાં છે ત્યારે દર્શન વંદનાર્થે જરૂરથી પધારશોજી.

# ચાલીસગામ સંઘ ઉપાશ્રયે પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબના પુણ્યસ્મરણ દિને સમૂહ સામાયિક તથા જાપ કરાયા




મહા સુદ ચૌદસ તા.૩ ફેબ્રુઆરી શુક્રવારના પ.પૂ.સાધ્વીશ્રી ગુણ લક્ષ્મીશ્રીજી મ.સા.ના પુણ્ય સ્મરણ દિન નિમિત્તે સમૂહ સામાયિક તથા જાપ સવારના ૯ કલાકે શ્રી ક.દ.ઓ.જૈન ઉપાશ્રય ચાલીસગામ મધ્યે રાખવામાં આવેલ.




# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સુશીલાબાઈ મૈશેરી**
તા.૨૯ જાન્યુ. (ઉ.૯૪)
સાંયરા-ઘાટકોપર (૫)



**દમયંતીબેન દંડ**
તા. ૩૦ જાન્યુ. (ઉ.૭૧)
મંજલ-મુલુંડ (૫)



**લતાબેન છેડા**
તા.૨ ફેબ્રુઆરી (ઉ.૬૩)
વારાપધર-ડોંબિવલી (૫)



**નેણબાઈ વોરા**
તા.૨ ફેબ્રુઆરી (ઉ.૮૮)
રંગપુર-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મુંદરા તાલુકાના મોટા કપાયાના શિલ્પકાર શામજીભાઈ પાતારિયા પથ્થર અને લાકડામાંથી દેવી દેવતાઓની મૂર્તિ બનાવવામાં માહેર છે. છેલ્લા ત્રણ દાયકામાં તેમણે અનેક મૂર્તિઓ સર્જી છે. મોટા કપાયામાં ખેતરપાળ અને હનુમાન મંદિરમાં બિરાજમાન મૂર્તિઓ ઉપરાંત લાખાપર, મોટી ખાખરના મંદિરોની મૂર્તિઓનું બનાવવાનું કામ ચાલુ છે. મૂર્તિઓ નિર્માણનું કામ કુદરતી બક્ષિસ ગણાવે છે. પોતે આપ કલા આવડતથી તેઓ મૂર્તિઓનું નિર્માણ કરે છે. કોઈની પાસે શિક્ષણ લીધું નથી.

● ક્રાંતિગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીને આગામી સમયમાં બે નવા વિકાસ પ્રકલ્પોની ભેટ મળશે. જેમાં ૨૦ કરોડના ખર્ચે એક હજાર બેઠકની ક્ષમતા સાથેનું ઓડિટોરિયમ અને 300 થી ૪00 વિદ્યાર્થીઓ બેસી પરીક્ષા આપી શકે તેવા અલાયદા પરીક્ષા ભવનનું નિર્માણ કાર્ય કરાશે હાલે પદવીદાન સમારોહ સહિતના આયોજનો ઓડિટોરિયમના અભાવે યુનિ. સંકુલ બહાર યોજવા પડે છે.

● કચ્છ રાજની અસ્મિતાની સુરક્ષા માટે ઈ.સ.૧૮૧૯માં સિંધના બાદશાહ ગુલામ શાહ ક્લોરા અને કચ્છરાજ વચ્ચે થયેલી ઐતિહાસિક લડાઈની સાક્ષી પૂરતા ભારતના છેવાડે રણને અડી આવેલા ઝારા ડુંગર પર ઐતિહાસિક જંગનો ઈતિહાસ ભૂતકાળ સચવાયેલો છે. મહારાવ ગોડજી બીજાના સમયમાં વીર લાખાજીની સરદારી હેઠળ લખપતના ઝારા ડુંગર પર ભીષણ યુધ્ધ થયું હતું. કહેવાય છે કે ઘણાં વર્ષો સુધી કચ્છમાં કોઈ યુવાન રહ્યો ન હતો, બચ્યો ન હતો. ક્ષત્રિય વીરો સાથે ૭00 જેટલા બ્રાહ્મણોએ વીર મૂળજી જોષીની આગેવાની હેઠળમાં ભોમ માટે કામ આવી ગયા હતા.

● ઝારાના ડુંગર ઉપર પુષ્કળ મીઠો ગૂગળ થાય છે. આ વૃક્ષોની જાળવણી કરવી જરૂરી છે પણ જંગલ ખાતું નિષ્ક્રિય છે. ઔષધીય વૃક્ષોનું ખુલ્લે આમ છેદન થઈ રહ્યું છે. તો સરકાર દ્વારા પવન ચક્કીઓના પોઈન્ટ મંજૂર કરાતા મીઠા ગૂગલના વનના બદલે પવન ચક્કીના પાંખડા ફરી રહ્યાં છે. ઝારા તળેટીની ઉપર જવા રસ્તા મરમત અને સૂચના અંગે હોર્ડિંગ્સ પણ લગાવાય એ જરૂરી છે. ઘડુલી બસસ્ટેશન ચકરાવામાં વીર લાખાજીની પ્રતિમા તો નારાયણ સરોવર, કોટેશ્વર, લખપત જતાં પ્રવાસીઓ કચ્છના ઇતિહાસ વિશેષ માહિતગર થાય અને યુધ્ધના સેનાપતિને સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાય. નરા ત્રણ રસ્તા અથવા લાખાપર ઝારા ફાટક પાસે નરાના બે શૂરવીરો ભીમજી અને વિસોજીની પ્રતિમા મુકાય એવી લોક માંગણી છે.

● પ્રકૃતિ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય સાધીને અસહાય અને અશક્ત પ શુ-પક્ષીઓ અને ગૌસેવાની સેવા ચાકરી માટે છેલ્લાં ૩૨ વર્ષથી મુંદરા તાલુકાના પ્રાગપર નજીક એન્કરવાલા અહિંસા ધામ કાર્યરત છે. આ પરિસરમાં ૧૯૯૨માં જન્મેલા ગોપાલ બળદની સમાધિ ગોપાલ નંદી સ્મૃતિ મંદિર અહીંની આગવી ઓળખ છે. વિશ્વના આ પ્રથમ નંદી મંદિરનો ૨00૩થી લીમ્કા બુક અને ગિનિસ વર્લ્ડ બુકમાં નોંધ આજ સુધી અંકબંધ છે. અહીં ૩ હજારથી વધારે ગૌવંશની સુરક્ષા અને સંવર્ધન કરાય છે. દર વર્ષે ૧૫ હજારથી વધુ પર્યટકો આ કરૂણાતીર્થ સ્થાનની મુલાકાત લે છે. અબોલ જીવોની સારવાર માટે અત્યાધુનિક પશુ દવાખાનું, ત્રણ આઈસીયુ યુનિટ સાથે કાર્યરત છે જેનો લાભ ૧૦ તાલુકાના ૯૫૨ ગામને મળે છે. ભારતભરની પાંજરાપોળો માટે આ સંસ્થા નમૂના રૂપ વ્યસ્થાપનની પ્રયોગ શાળા છે.

● નવ દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે દિવ્યાંગજનોના પુનર્વસન ક્ષેત્રે ઉતમ કાર્ય કરવા બદલ દેશની સંસ્થાઓનું સન્માન કરાયું. જેમાં કચ્છના જયા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર બિદડાના ડૉ.વીરેન્દ્ર ચાંડિલ્ય તથા માધાપરના નવચેતન અંધ જન મંડળના હિમાંશુ સોમપુરાને જિલ્લામાં દિવ્યાંગોના ઉત્થાન માટે શ્રેષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૨૧-૨૦૨૨નો રાષ્ટ્રીય સ્તરનો એવોર્ડ એનાયત કરાયો.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)